મહત્તમ : ૨૮.૬ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૩ ટકા ● સાંજે ૮૨ ટકા

ગાંધીનગર તાપમાન

આજે ગાંધીનગરમાં

ધાર્મિક

- સ્વામિનારાયણ મંદિર, સેક્ટર-૨૩ ખાતે 'હિમાલયે હરિ ઝુલે'ના કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને ઝુલાવવામાં આવશે. હિંડોળા દર્શનનો સમય સાંજે ૫.૦૦થી ૮.૧૫.
- ગોવર્ધનનાથજીની હવેલી સે. ૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ દરમિયાન સુરંગના હિંડોળા દર્શન
- સ્વામિનારાયણ મંદિર સે. ૨૩ ખાતે સાંજે ૫ થી ૮.૧૫ દરમિયાન હિમાલયે હરિ ઝુલે હિંડોળાના દર્શન.
- સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પરેશભાઈ દવેના નિવાસસ્થાને ઈશાન ફ્લેટ ખાતે રાત્રે ૯ કલાકે શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના યોજાશે.
- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા રાત્રે ૮.૩૦ વાગ્યે ભરતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન બી.-૫૦૩, પ્રમુખ એલેંગસ રાયસણ ખાતે શિવ રૂદ્રાભિષેક તથા શિવ મહિમ્ન પાઠ યોજાશે.
- રામધામ વાવોલ ખાતે સવારે ૬ થી ૮.૩૦ દરમિયાન રમકડાના હિંડોળા તથા બપોરે ૩.૩૦ થી ૬.૩૦ દરમિયાન દેવી ભાગવત કથા યોજાશે.
- સમસ્ત બ્રહ્મસમાજ સે. ૨૬ દ્વારા પોપટભાઈ રાવલના નિવાસસ્થાન કે-૫ ગ્રીનસીટી ખાતે રાત્રે ૯ થી ૧૦ દરમિયાન શિવપૂજા અને મહિમ્ન પાઠ યોજાશે.

સાંસ્કૃતિક

- હેપ્પી યુથ ક્લબ અને સર્જન એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને અનુલક્ષીને "રંગ દે બસંતી" દેશભક્તિના ગીતોનો સાંસ્કૃતિક કાર્યક્રમ સાંજે ૭ કલાકે સે. ૧૨ આંબેડકર હોલ ખાતે યોજાશે.

સિસિકા દ્વારા આયોજિત નિઃશુલ્ક ફિઝિયોથેરાપી કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

સિનિયર સિટિઝન કાઉન્સિલ તથા ગાંધીનગર વૈષ્ણવ સમાજના સંયુક્ત ઉપક્રમે શેઠ શ્રી સી.એમ. કોલેજ ઓફ ફિઝિયોથેરાપીના સહકારથી નિઃશુલ્ક ફિઝિયોથેરાપી કેમ્પનું આયોજન તા. ૧૯ ઓગષ્ટથી ૨૩મી ઓગષ્ટ (પાંચ દિવસ) સવારે ૯ થી ૧ દરમ્યાન સેક્ટર-૨૧ સ્થિત 'વૈષ્ણવ હવેલી મંદિર' ખાતે કરવામાં આવ્યું છે.

શિબિરમાં સાંધાના દુઃખાવા, ઘૂંટણનો દુઃખાવો, કમરનો દુઃખાવો વિગેરે શારિરીક તકલીફોમાં માર્ગદર્શન તથા સારવાર આપવામાં આવશે.

સિનિયર સિટિઝન કાઉન્સિલના સભ્યો તેમજ નગરજનોને આ કેમ્પનો લાભ લેવા અનુરોધ છે.

ચિરવિદાય

- સ્વ. દિવ્યા ગુણવંતભાઈ વડગામા, ઉ.વ. ૧૧
- સ્વ તખુબા અરજણજી ડાભી, ઉ.વ. ૮૦
- સ્વ ગિરીશભાઈ જયંતીલાલ શર્મા, ઉ.વ. ૫૨
- સ્વ લખીબેન બાદરજી ઠાકોર, ઉ.વ. ૬૯
- સ્વ કાન્તિજી કાળાજી ઠાકોર, ઉ.વ. ૭૩
- સ્વ ગિરધરભાઈ કાકુભાઈ સેજપાલ, ઉ.વ. ૯૫
- સ્વ નરેન્દ્રસિંઘ વરીયામસિંઘ છાબડા, ઉ.વ. ૫૩
- સ્વ ભવાનજી અંબાલાલ ઠાકોર, ઉ.વ. ૪૨
- સ્વ સકરાભાઈ હરીભાઈ સોલંકી, ઉ.વ. ૯૭

નવાપરા બોરીજ ખાતે પ્રા. શાળામાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૬

૭૩મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નવાપરા બોરીજ પ્રા. શાળા ખાતે કરવામાં આવી. જેમાં કોર્પોરેટર લલીતાબેન ઠાકોર, એસ.એમ.સી. અધ્યક્ષ નટુજી પી. ઠાકોર, પૂર્વ અધ્યક્ષ વાઘાજી ઠાકોર તથા રમેશજી ઠાકોર તથા શાળાના મુ.શિ. તથા સ્ટાફ તથા બાળકોએ ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ધ્વજવંદન લલીતાબેન ઠાકોરના હસ્તે કરવામાં આવ્યુ. બાળકોને ચોકલેટથી મોં મીઠુ કરાવવામાં આવ્યુ. કાર્યક્રમનું સંચાલન અમૃતલાલ દવે પૂર્વ આચાર્યએ કર્યુ.

આ પ્રસંગે મોટી સંખ્યામાં બાળકો જોડાયા હતા.

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે સ્વાતંત્ર્યદિને ધ્વજવંદન યોજાયું

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર મહાનગર-પાલિકા દ્વારા કચેરીના પ્રાંગણમાં ૭૩મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

મહાનગર-પાલિકાના મેયર રીટા કેતનકુમાર પટેલના હસ્તે ધ્વજવંદન યોજાયું હતું. મેયર રીટાબેન પટેલે આ પ્રસંગે ઉદ્‌બોધન આપ્યું હતું અને સ્વતંત્રતા તથા આઝાદીનું મહત્ત્વ ઉજાગર કર્યું હતું. આઝાદીના જંગમાં મંગલ પાંડે,, ભગતસિંહ, સુભાષચંદ્ર બોઝ, તાત્યા ટોપેની શહીદી એળે ન જાય તે તેમણે સમજાવ્યું હતું.

ગાંધીનગર સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત વિવિધ વિકાસનાં કાર્યો પ્રગતિમાં છે, થઈ રહ્યાં છે તે વિશે વિસ્તૃત જાણકારી તેમણે આપી હતી. રૂા. ૧૦૩૬ કરોડના પ્રોજેક્ટને કેન્દ્ર દ્વારા મંજૂર કરવામાં આવ્યો છે. ગાંધીનગરના સેક્ટરોની આંતરિક સફાઈ, સોસાયટી કોમન પ્લોટ ખુલ્લી ગટરો સફાઈ ટૂંક સમયમાં થતી જોવા મળશે. પારદર્શિક ભરતી પ્રક્રિયા પૂર્ણ કરેલ છે. ઈલેક્ટ્રીક બસોની ખરીદી કરવામાં આવશે. મુક્તિ ધામનું નવીનીકરણ કરવામાં આવનાર છે. આમ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા થયેલ કામો, થનાર કામોની વિસ્તૃત માહિતી આપી હતી.

ધ્વજવંદન પ્રસંગે પૂ. કૈલાશદીદી, મહાનગરપાલિકાના પદાધિકારીઓ, મહાનગર પાલિકાના કોર્પોરેટર્સ, ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાંઘર, સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ, વિપક્ષ નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, ભાજપના અગ્રણી વાડીભાઈ પટેલ, પુનમભાઈ મકવાણા, મહેન્દ્રસિંહ રાણા, મ્યુ. કમિશનર રતનકુંવર ગઢવીચારણ, ડેપ્યુટી કમિશનર ભરતભાઈ જોષી ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રીય મહિલા આયોગની સભ્ય ડૉ. રાજુલબેન દેસાઈએ ગાંધીનગર ખાતેના સીમા સુરક્ષા દળના ગુજરાત ફ્રન્ટિયરના મુખ્યાલય ખાતે રક્ષાબંધન પર્વ ઉજવ્યુ હતુ જેમાં તેમણે બીએસએફના અધિકારીઓ તથા જવાનોના હાથે રાખડી બાંધી તેમની સુરક્ષાની કામના કરી હતી તથા સીમા સુરક્ષાના પ્રહરીઓને તેમના યોગદાન બદલ ધન્યવાદ આપ્યાં હતા. બીએસએફના મહાનિરિક્ષક જી.એસ. મલિકે તેમનું સ્વાગત કરતાં કહ્યું હતું કે 'ડૉ. રાજુલબેને ગુજરાતમાં બેટી બચાવો, બેટી ભણાવો સહિત મહિલા સશક્તિકરણના અભિયાન ચલાવ્યા છે તેમજ આરટીઆઈ એક્ટ સહિત વિવિધ વિષયે પુસ્તકો પણ લખ્યાં છે, જેના પ્રતાપે તેમનું આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે 'શ્રેષ્ઠ મહિલા પુરસ્કાર'થી સન્માન પણ કરવામાં આવી ચુક્યું છે.'

સ્વતંત્રતા દિવસ નિમિત્તે અખંડ ભારત અને સલામત સવારી અંતર્ગત બાઈક રાઈડ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૬

સ્વતંત્રતા દિવસ નિમિત્તે ગાંધીનગરના પાવરવિઝન્સ મોટર સાઈકલ અને ગાંધીનગર રાઈડર્સ ક્લબ દ્વારા સલામત સવારી અને અખંડ ભારતના બેનર સાથે સંપૂર્ણ ગાંધીનગરને આવરી લેતી બાઈક રાઈડ યોજવામાં આવી હતી.

હરદિપસિંહ જાડેજા અને અભિનવ વાઘેલા દ્વારા આયોજિત આ બાઈક રાઈડમાં કોઈ પણ પ્રકારના નોઈઝ પોલ્યુશન વગર સલામતીને ધ્યાનમાં લઈને શિસ્ત, શાંતિસભર રાઈડ પૂર્ણ કરવામાં આવી હતી, જેમાં ગાંધીનગર અને અમદાવાદના ૩૦ જેટલા બાઈક રાઈડર્સે ભાગ લીધો હતો.

રાઈડ બાદ પ્રકૃતિ જાળવણી અને સંવર્ધન અર્થે પ્રતિ માનવ-પ્રતિ વૃક્ષના સંદેશ સાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આજે ગાંધીનગરમાં દેશભક્તિના ગીતોના લાઈવ ઓરકેસ્ટ્રા કાર્યક્રમ "રંગ દે બસંતી"નું આયોજન

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી "હેપ્પી યુથ ક્લબ" દ્વારા "સર્જન એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ"ના સંયુક્ત ઉપક્રમે આયોજિત કાર્યક્રમમાં હિન્દી ફિલ્મી સુપર હીટ ગીતોની સુરીલી પ્રસ્તુતિ કરાશે

ગાંધીનગર તા. ૧૬

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગથી શહેરના સેવાભાવી યુવાનોની સંસ્થા "હેપ્પી યુથ ક્લબ" દ્વારા "સર્જન એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ"ના સંયુક્ત ઉપક્રમે ભારતના ૭૩માં સ્વાત્રંત્ર્ય દિનની ઉજવણીને અનુલક્ષીને આગામી તા. ૧૭મી ઓગસ્ટ ૨૦૧૯ શનિવારના રોજ દેશભક્તિના ગીતોના સાંસ્કૃતિક સંગીતમય લાઈવ ઓરકેસ્ટ્રા કાર્યક્રમ "રંગ દે બસંતી" (એક શામ દેશભક્તિ કે નામ) નું આયોજન ગાંધીનગરના સેક્ટર-૧૨માં ડો.બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે રાત્રે ૭ થી ૧૧ કલાક દરમ્યાન કરવામાં આવ્યું છે. આ સાથે કાર્યક્રમમાં હિન્દી ફિલ્મ જગતના સુપર હીટ ગીતોની પણ સુરીલી પ્રસ્તુતિ કરવામાં આવશે.

"રંગ દે બસંતી" કાર્યક્રમનો હેતુ યુવાનોમાં રાષ્ટ્ર ભક્તિની ભાવનાને પ્રબળ બનાવવા સાથે આપણા શહીદ વીર જવાનોને શ્રદ્ધાંજલિ આપવાનો અને ગાંધીનગરના ઉગતા ગાયક કલાકારોને મંચ પૂરું પાડી તેમની પ્રતિભા નિખારવાનો છે. આ કાર્યક્રમમાં ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાંત જહા મુખ્ય અતિથિપદે ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવશે. આ સાથે અતિથિ વિશેષપદે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રી ડો.સી.જે.ચાવડા, ગાંધીનગરના મેયર શ્રીમતી રીટાબેન પટેલ, ડેપ્યુટી મેયર શ્રી નાજાભાઈ ઘાંઘર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી દેવેન્દ્રસિંહ ચાવડા, નેતા વિપક્ષ શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલા, જીલ્લા સુરક્ષા સેતુ સોસાયટીના લાયઝન ઓફિસર શ્રી પી.સી.વલેરા, શિવગન ઈન્ફાટેક ધોલેરાના માલિક શ્રી ગણપતભાઈ મંડા ઉપસ્થિત રહેશે. રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રવંદનાના આ સંગીત અને નૃત્ય મિશ્રિત કાર્યક્રમને માણવા ગાંધીનગરની રાષ્ટ્રપ્રેમી જનતાને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

૭૩માં સ્વાતંત્ર્ય દિને રાજભવનના પ્રાંગણમાં રાજ્યપાલશ્રી દ્વારા ધ્વજવંદન

ગાંધીનગર, તા. ૧૬

ભારતના સ્વાતંત્ર્ય દિન-૧૫મી ઓગષ્ટના રોજ ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે રાજભવનના પ્રાંગણમાં રાષ્ટ્રધ્વજ ફરકાવી ધ્વજવંદન કર્યુ હતું. ત્યારબાદ રાજ્યપાલશ્રી અને લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીના હસ્તે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ભારતીય સેનાના વરિષ્ઠ અધિકારીઓ, અગ્રણી નાગરિકો, વિવિધ સેવાભાવી સંસ્થાઓના અગ્રણીઓ, શાળાના બાળકો, રાજભવનના અધિકારીઓ-કર્મચારીઓ તથા તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

શહેરનાં શૈક્ષણિક સંકુલોમાં રક્ષાબંધન

રક્ષાબંધનનું પાવન પર્વ ભાઈ-બહેનના હેતનું પર્વ છે જે કદાચ સમગ્ર વિશ્વમાં એક માત્ર અજોડ પર્વ છે. ભારતીય સંસ્કૃતિની અઢળક અનોખી દેન પૈકી એક એવુ આ અજોડ પર્વ માત્ર ઉત્સવ નથી પરંતુ સંસ્કાર સિંચન કરતુ અને જવાબદારીનો અહેસાસ કરાવતુ પર્વ છે. એટલા માટે શૈક્ષણિક સંસ્થાઓમાં 'રક્ષાબંધન' ઉજવવાની પ્રણાલી જોવા મળે છે. ગાંધીનગરના શૈક્ષણિક સંકુલોમાં 'રક્ષાબંધન' વિવિધ રીતે ઉજવાઈ હતી.

વી.એમ. પટેલ કુમાર અને એચ.વી. પટેલ કન્યા બાલમંદિર

શહેરના સેક્ટર-૨૩માં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંલગ્ન સંસ્થા વી.એમ. પટેલ કુમાર અને એચ.વી. પટેલ કન્યા બાલ મંદિરમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે નાની બાળાઓએ છોકરાઓને રાખડી બાંદી મ્હોં મીઠુ કરાવ્યું હતું.

આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલ

કડી સર્વ વિદ્યાલય સંકુલ ખાતે આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં 'રક્ષાબંધન' પર્વે હર્ષોલ્લાસભર્યા માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી જેમાં રક્ષાબંધન સાથે રાખી મેકિંગ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં જૈમિન દિવ્યેશ રાવલ, પ્રિન્સ મુકેશભાઈ પરમાર, ગેહના તુષારભાઈ પટેલ અને જ્યોતિ સવાભાઈ જાદવ અનુક્રમે પ્રથમ, દ્વિતિય અને તૃતીય સ્યુક્ત વિજેતા બન્યા હતા. આ સાથે દેશભક્તિના ગીતો વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરાયા હતા.

સરસ્વતી વિદ્યાલય, સેક્ટર-૬

સેક્ટર-૬ ખાતેની સરસ્વતી વિદ્યાલયમાં રક્ષાબંધનના પર્વને અનુલક્ષીને વિદ્યાર્થીઓ દ્વારા રાખડી બનાવવાનું પ્રયોજન હાથ ધરાયુ હતુ. જેમાં તેમણે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીનીઓએ આ પ્રસંગે વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી રાખડી બાંધી હતી અને મ્હોં મીઠું કરાવ્યું હતુ. કાર્યક્રમમાં શાળા પરિવાર સહિત આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા.

જે.એમ.પી. ગોપાલક વિદ્યાસંકુલ

શહેરના સેક્ટર-૧૫માં જે.એમ.પી. ગોપાલક વિદ્યાસંકુલ ખાતે રક્ષાબંધનની ઉજવણી હર્ષભેર કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ પોતાના હાથેથી બનાવેલી રાખડીઓ લઈને આવ્યા હતા. વિદ્યાર્થીઓમાં હાથેથી રાખડી બનાવવાની સ્પર્ધામાં પ્રથમ ત્રણ ક્રમાંકે વિજેતા સ્પર્ધકોને પ્રમાણપત્ર અપાયા હતા.



સરકારી પોલિટેકનિક, સે. ૨૬

ગાંધીનગરના સે. ૨૬ ખાતેની સરકારી પોલિટેકનિકની વિદ્યાર્થીનીઓએ સ્વાતંત્ર્યદિન અને રક્ષાબંધનના પર્વના સંયોગરૂપે રાજ્યની સુરક્ષા માટે ૨૪ કલાક ખડેપગે સેવા આપતા પોલીસ જવાનોને તેમની સેવાની કદરરૂપે તથા તેમની સુરક્ષાની કામના સાથે રાખડી બાંધી હતી. આ પ્રસંગે પોલીસ અધિક્ષકની કચેરી દ્વારા જીવન આસ્થા હેલ્પલાઈન, સીસીટીવી કન્ટ્રોલરૂમ તથા ઈ-સિક્યુરિટી અંગે માહિતગાર કરવામાં આવી હતી.

શેઠ સી.એમ. હાઈસ્કૂલ, સે. ૨૩

શહેરના સેક્ટર-૨૩ની શેઠ સી.એમ. હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ ફેલાય તે હેતુથી વૃક્ષોને નાડાછડીની રાખડી બાંધવાનો કાર્યક્રમ હાથ ધરાયો હતો. જેમાં આચાર્ય ડૉ. ચેતના બુચ સહિત સ્ટાફ જોડાયો હતો.

મુવી હાઉસ

આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

- **મિશન મંગલ**
  ૯, ૧૦.૫૦, ૧૧.૪૫, ૧.૪૫, ૨.૪૦, ૪.૪૦, ૫.૩૫, ૭.૩૫, ૮.૩૦, ૧૦.૩૦
- **બટલા હાઉસ**
  ૯.૦૦, ૧૦.૦૦, ૨.૦૦, ૧.૦૦, ૩.૦૫, ૪.૦૫, ૬.૧૦, ૭.૧૦, ૯.૧૫, ૧૦.૧૫
- **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ**
  ૩-ડી હિન્દી
  ૧.૧૦
- **ધ લાયન કિંગ**
  ૧૦.૪૦
- **સુપર-૩૦**
  ૯.૩૦

સિટી પલ્સ ફુડાસણ

- **મિશન મંગલ**
  ૧૧.૩૦, ૧૨.૪૫, ૨.૧૫, ૪.૦૦, ૫.૦૦, ૬.૪૫, ૭.૪૫, ૧૦.૩૦
- **બટલા હાઉસ**
  ૧૦.૩૦, ૧૨.૪૫, ૧.૧૫, ૬.૪૫
- **સુપર-૩૦**
  ૬.૩૦ સાંજે
- **કબિરસિંગ**
  ૩.૧૫ બપોરે
- **ચાલ જીવી લઈએ**
  ૧૨.૩૦
- **ચાસની (ગુજરાતી)**
  ૯.૩૦

પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

- **મિશન મંગલ**
  ૮.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦, ૧૨.૧૦, ૧.૦૦, ૨.૦૦, ૪.૦૦, ૫.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦
- **બટલા હાઉસ**
  ૯.૦૦, ૧૦.૦૦, ૧.૧૦, ૩.૧૫, ૪.૨૦, ૭.૩૦, ૯.૩૦, ૧૦.૧૪૦
- **ચાસની (ગુજરાતી)**
  ૬.૩૦ સાંજે

આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

- **મિશન મંગલ**
  ૮.૫૫, ૯.૪૫, ૧૦.૪૫, ૧૧.૩૫, ૧૨.૩૦, ૧.૩૦, ૨.૨૫, ૩.૨૫, ૪.૨૫, ૫.૨૦, ૬.૨૦, ૭.૨૦, ૮.૧૫, ૯.૧૫, ૧૦.૧૫
- **બટલા હાઉસ**
  ૯.૧૦, ૧૦.૦૦, ૧.૦૦, ૩.૦૫, ૪.૦૦, ૭.૦૦, ૯.૦૦, ૧૦.૦૦
- **ચાસની (ગુજરાતી)**
  ૧૨.૧૫

સિદ્ધાર્થ લૉ કોલેજમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૧૬

સિદ્ધાર્થ લૉ કોલેજ ગાંધીનગરમાં ૧૫મી ઓગષ્ટ સ્વાતંત્ર્યદિનની ઉજવણી કરવામાં આવેલ હતી. ધ્વજવંદન તથા દેશભક્તિના વક્તવ્ય વિદ્યાર્થીઓએ રજુ કરેલ હતા.

રવિવારે અમદાવાદમાં ગુજરાતી લેખક મંડળની સામાન્ય સભા તથા પરિસંવાદન

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાતી લેખક મંડળ દ્વારા તા. ૧૮મી ઓગષ્ટ રવિવારે અમદાવાદમાં આશ્રમરોડ પર ગુજરાત વિદ્યાપીઠના અંહિસા શોધ ભવન ખાતે સંસ્થાની સામાન્ય સભા અને પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો પ્રારંભ અલ્પાહાર બાદ ૧૧ કલાકે થશે જેમાં સંસ્થાની પ્રવૃતિ, અહેવાલ, ભાવિ પ્રવૃતિ વિષયક સૂચનો સહિતની સભ્યોની સામાન્ય સભા ઉપરાંત પરિસંવાદ યોજાશે. કાર્યક્રમમાં "આદિવાસી લોક સાહિત્યમાં વ્યક્ત થતા વિશિષ્ટ અને માનવીય મૂલ્યો" તથા વંચિત સમુદાયોના સર્જકોની અભિવ્યક્તિ સામેના પડકારો અને અવરોધક પરિબળો જેવા વિષયો આધારિત વિવિધ વક્તાઓના વક્તવ્યો યોજાશે.

રક્તદાન મહાદાન